લઘુમતિ જાતિની શિષ્યવૃત્તિની યોજનાઓમાં
આવક અંગેના પ્રમાણપત્ર અને જાતિ અંગેના
પ્રમાણપત્રમાં કરવામાં આવતી એફીડેવીટ બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- લઘસ-૧૦૨૦૧૪/G01-૧૦૦/અ૧
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૯/૦૯/૨૦૧૪

વંચાણે લીધોઃ- ભારત સરકારના લઘુમતિ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્રઃ- F.No.2/37(2)/2014-SS
તા. ૨૫/૮/૨૦૧૪

ઠરાવઃ-

ભારત સરકારના લઘુમતિ મંત્રાલય, નવીદિલ્હીની લઘુમતિ જાતિના વિદ્યાર્થીઓ માટેની (૧) પ્રિ-મેટ્રિક (૨) પોસ્ટ મેટ્રિક તથા (૩) મેરીટ-કમ-મીન્સ ૧૦૦ ટકા કેન્દ્રિય પુરુસ્કૃત શિષ્યૃત્તિ યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓમાં હવે પછી ઉપરોકત વંચાણે લીધેલ ભારત સરકારના લઘુમતિ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્રઃ- F.No.2/37(2)/2014-S તા. ૨૫/૮/૨૦૧૪થી આપેલ સુચનાથી નીચે જણાવેલ શરતોને આધિન આ યોજનાઓનો હવે પછી તાત્કાલિક અસરથી અમલ કરવામાં આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ યોજનાઓ માટે જાતિ પ્રમાણપત્ર અને આવકના પ્રમાણપત્ર મેળવવા માટે એફીડેવીટ રજૂ કરવાની રહેશે નહિ.
(૨) આ યોજનાઓમાં લઘુમતિ જાતિના જાતિ પ્રમાણપત્રમાં હવે પછી લાભાર્થીએ પોતે જ સેલ્ફ સર્ટિફીકેશન કરેલ જાતિ પ્રમાણપત્ર માન્ય ગણાશે જે અરજી સાથે રજુ કરવાનું રહેશે.
(૩) આ યોજનાઓમાં આવકનું પ્રમાણપત્ર આપવાના દાખલામાં નિયુકત કરેલ સક્ષમ સત્તાધિકારીએ આપેલ આવકનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.
(૪) આ યોજના હેઠળ જે લાભાર્થીઓની અરજીઓ અગાઉ સ્વીકારલ હોય, તેને ઉપરોકત શરતો લાગુ પડશે નહી.
(૫) આ યોજના હેઠળની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રીની તા.૦૮/૦૯/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.ભાવસાર)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ..ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- -અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- -અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- -સચિવાલયના સર્વે વિભાગો
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- -સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  આ ઠરાવ વિભાગની વેબ-સાઇટ પર અપલોડ કરવા વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ.